
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કન્યા**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ગજકેસરી યોગ ગ્રહણ યોગ, હોળાષ્ટક સમાપ્ત. આજે હોળી પ્રાગટ્ય - તહેવાર. મીનારક કમૂરતાં તથા ચાંડાલ યોગ ચાલે છે. મીનનો બુધ નીચનો છે. ગુરુ સૂર્યનો પરિવર્તન યોગ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આઠમે સ્વગ્રહી મંગળ શનિની યુતિ તમોને પડવા - વાગવા - દાઝવાથી સાવચેત રહેવાના એંધાણ આપી જાય છે. સાવચેતી રાખવા ખાસ ભલામણ છે.

**વૃષભ** રાશિમાંચોથા - સાતમા - દસમા સ્થાનમાંછ ગ્રહો કેન્દ્રમાંઆવેલા છે જેમાં મોટાભાગના ગ્રહો પાપગ્રહો છે જેથી સૂર્ય બુધ અગિયારમા સ્થાને હોઈ તમારો દિવસ મિશ્રફળ વાળો જાય.

**મિથુન** તમારે આજે ચોથે ચંદ્ર - દસમે સૂર્ય બુધ - છઠ્ઠે મંગળ - શનિને ભાગ્યમાં શુક્ર હોઈ તમારો આજનો દિવસ સારા નરસા અનુભવોમાંથી પસાર થાય - દિવસ મિશ્રફળ આપનારો રહે.

**કર્ક** આજે તમારે આઠમે શુક્ર કેતુ છે જે તમોને વિલાસી બનાવે - બીજે ગુરુ - રાહુ ખોટા માર્ગે વ્યર્થ પૈસા ખર્ચાવે - પૈસા ખરચવામાં અને તેટલો સંમય રાખશો તો સારું.

**સિંહ** કેન્દ્રમાં સૂર્ય - બુધ - ચંદ્ર સિવાયના બધા જ ગ્રહો કેન્દ્રના ત્રણ સ્થાનોમાં આવેલ હોઈ તેમજ શુભ - પાપગ્રહો એક સાથે કેન્દ્રમાં હોઈ તમારો દિવસ મિશ્ર ફળવાળો જશે.

**કન્યા** લગ્ને ચંદ્ર આજે તમારું વ્યક્તિત્વ આકર્ષક બનાવશે. તમારા વર્તુળમાં તમો લોકપ્રિય નિવડશો. જીવનસાથી સાથે ચડભડ થવાના યોગો છે.

**તુલા** સંતાનોના ભણવા બાબતમાં આજે તમો ચિંતિત રહેશો. સંતાનો જીદ્દીપણું દાખવશે ને જાણી જોઈને તમારી ઈચ્છાઓથી વિરુદ્ધ વર્તીને તમોને માનસિક પરેશાન કરશે.

**વૃશ્ચિક** અગિયારમે ચંદ્ર કન્યા રાશિમાં છે. સૂર્ય બુધ - પાંચમે છે - તે સિવાય તમામ ગ્રહો કેન્દ્રના સ્થાનોમાં પડેલ હોઈ તમારો આજનો દિવસ મિશ્ર ફળ આપનાર જાય.

**ધન** વારંવાર આજે તમારે નાની નાની બાબતોમાં ગુસ્સાના ભોગ બનવું પડે - તમે પ્રયત્ન કરો તો પણ ઝઘડા નિવારી શકો નહીં માટે શક્ય હોય તેટલો સંયમ રાખી દિવસ પસાર કરવો.

**મકર** આઠમે રાહુ - ગુરુ આવેલ હોઈ તમારે તંદુરસ્તી બાબતે ચિંતિત રહેવું જરૂરી છે. ધ્યાન રાખીને ચાલશો તો દિવસ ઠીક જશે નહીં તો તબિયત અંગે ખર્ચા થશે.

**કુંભ** સાતમે રાહુનો ચાંડાલ યોગ તમારી તંદુરસ્તીને જોખમાવે તેમ છે. વળી કેન્દ્રમાં બીજા ગ્રહો આવેલા છે તેથી તમારે તબિયતની કાળજી રાખી સાવચેતી રાખવા જેવી છે.

**મીન** સાતમે ચંદ્ર તમારી રાશિના સૂર્ય બુધની ખરાબ અસરોને નાબૂદ કરે છે - દિવસ સારા નરસા અનુભવોમાંથી પસાર થાય - કૌટુંબિક વિસંવાદિતા ઉભી થાય.

# ડાકોર : લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

અમદાવાદ,તા. ૨૨

ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરમાં જાણીતા વિશ્વપ્રસિદ્ધ રણછોડરાયના મંદિરમાં પુનમના દિવસે આવતીકાલે બુધવારે પાંચ લાખથી પણ વધારે શ્રદ્ધાળુઓ દર્શન કરનાર છે. તંત્ર અને મંદિર વ્યવસ્થા સમિતી દ્વારા તમામ સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં લઈને કોઈ પણ અનિચ્છનીય બનાવ અથવા તો ભાગદોડના બનાવ ન બને તેની ખાસ કાળજી લેવામાં આવી છે. મંદિર અને તેના આસપાસના વિસ્તારોને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યા છે. ડાકોરમાં જોરદાર ધસારો હજુ જારી છે. મોડી રાત સુધી વધુ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા છે. બુધવારે સવારે મંગળ આરતી થનાર છે. આવતીકાલે બુધવારે રણછોડરાય મંદિરમાં પુનમ અને હોળી ઉત્સવ પર્વ પર પુનમના મેળામાં કરિયા ઠાકોરના દર્શન માટે પણ ધસારો રહેશે. વિવિધ સેવા કેન્દ્રો પર લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ મંદિર અને શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. ડાકોર માર્ગ હવે શ્રદ્ધાળુઓથી હાઉસફુલ દેખાઈ રહ્યા છે. ચારેબાજુ જય રણછોડના નાદ જોવા મળી રહ્યા છે. ખેડા જિલ્લાના યાત્રાધામ ડોકરમાં સ્થિત રણછોડરાય મંદિરમાં શનિવારથી જ મેળાની શરૂઆત થઈ ચુકી છે. હવે તેમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. પુનમ સુધી તમામ જગ્યા હાઉસ ફુલ થઈ જશે. શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને આ વખતે અમદાવાદ, ડાકોર અને ગોધરા તેમજ કઠલાલ માર્ગ પર જય રણછોડના જયજયકાર જોવા મળી રહ્યા છે. પદયાત્રીઓના મનોરજન માટે પણ આવતીકાલ અને બુધવારે યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. યાત્રા માર્ગ પર જગ્યા જગ્યા પર લારી, ગલ્લા અને ફેરિયાઓ ગોઠવાઈ ગયા છે. પદયાત્રીઓની સંખ્યામાં જોરદાર વધારો હવે થઈ રહ્યો છે. યાત્રીઓની ભીડને કાબુમાં રાખવા અને ભાગદોડને ટાળવા માટે મહિલાઓ અને પુરષો માટે જુદી જુદી રેલિંગ બનાવી દેવામાં આવી છે. કલેકટર કેકે નિરાલાએ કહ્યુ છે કે સ્થિતી પર સતત નજર રાખવામાં આવી રહી છે. મંગળવાર અને બુધવારના દિવસે શ્રદ્ધાળુઓ માટે રાત્રી ગાળામાં યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નરસિંગ ટેકરીની સામે બનાવવામાં આવેલા વિશાળ જગ્યા પર ભગવાન કૃષ્ણ સાથે સંબંધિત નાટકો દર્શાવવામાં આવનાર છે. મંગળવાર અને બુધવાના દિવસે આયોજિત ભગવાન કૃષ્ણના નાટક પણ આકર્ષણ જમાવે તેમ માનવામાં આવે છે. બીજી બાજુ ડાકોર માર્ગ પર ઉમટી રહેલા લોકોને જરૂરી સુવિધા આપવા માટે સ્વૈચ્છિક ટીમો સક્રિય થઈ ગઈ છે. આ ટીમો લોકોની મદદ કરી રહી છે. કેટલીક જગ્યાએ ચા અને કોફી સ્ટોલ શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે કેટલીક જગ્યાએ હળવા નાસ્તાની જમાવટ શ્રદ્ધાળુઓ માટે માર્ગ પર કરવામાં આવી છે. મોટી સંખ્યામાં લોકો આ સેવામાં જોડાયા હોવાના અહેવાલ મળ્યા છે.




## ચિલોડામાં પણ જ્વેલર્સની દુકાનો બંધ

છેલ્લા કેટલાક સમયથી દેશભરમાં જ્વેલર્સ એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં લડત ચલાવી રહ્યાં છે. ગાંધીનગરમાં પણ શહેર જ્વેલર્સ એસોસિએશન દ્વારા જ્વેલરી ઈન્ડસ્ટ્રીઝ અચોક્કસ મુદત સુધી બંધ રાખવાનું એલાન અપાયું છે. બંધના એલાનના પગલે ચિલોડા વિસ્તારની જ્વેલર્સ દુકાનોએ પણ સહભાગી બની પોતાના વેપાર-ધંધા બંધ રાખ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારોની પડતર માંગણીઓ અંગે તંત્ર દ્વારા હૈયાધારણ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકામાં ફરજ બજાવતા ૧૧૦ સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓની વારંવાર અવગણના કરવામાં આવતા ન છૂટકે હડતાળ પર જવાનો નિર્ણય લીધો હતો. નગરપાલિકાના સફાઈ કામદારો હડતાળ પર ઉતરી જતા શહેરના માર્ગો અને રહેણાંક સોસાયટીઓમાં ગંદકીઓના ઢગ ખડકાઈ જતા નગરપાલિકાતંત્ર અને પ્રજાજનોને બીમારીનો ભય સતાવી રહ્યો હતો. બીજીબાજુ ૧૧૦ સફાઈ હડતાળ પર ઉતરી જતા નગરપાલિકાતંત્રના સત્તાધીશો અને અધિકારીઓ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. ૧૧૦ સફાઈ કામદારોની હડતાળના પગલે નગરપાલિકા તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાનો વારો આવ્યો હતો. સોમવારે સફાઈ કામદારોની મદદે નેશનલ સફાઈ આયોગના રાજ્ય સદસ્ય સુરેશભાઈ વાઘેલા, અખીલ ભારતીય સફાઈ કામદાર સંઘના આયોગના રાજ્ય સદસ્ય સુરેશભાઈ વાઘેલા, અખિલ ભારતીય સફાઈ કામદાર સંઘના ઉપ પ્રમુખ જીતેન્દ્ર ભરવાડ સહિતના અગ્રણીઓ મોડાસા આવી પહોંચી ત્રીપાંખિય



કામદારોની માંગણીઓ નગરપાલિકા તંત્ર દ્વારા નહિ સ્વીકારાત સોમવારે નેશનલ સફાઈ આયોગના રાજ્યકક્ષાના સદસ્યો મોડાસાના સફાઈ કામદારોની મુલાકાતે આવી પહોંચી નગરપાલિકાતંત્ર સાથે સફાઈ કામદારોના યુનિયન પ્રતિનિધિઓ સાથે ત્રીપાંખીય બેઠક યોજી નગરપાલિકા તંત્ર દ્વારા સફાઈ કામદારોની માંગ સંતોષવાની બાંહેધરી આપતા હડતાળ સમેટાઈ હતી. મંગળવારે સફાઈ કામદારો ફરીથી ફરજ પર જોડાતા નગરમાં જામેલા ગંદકીના થર દૂર થઈ ગયા હતા.

મોડાસા નગરપાલિકા તંત્રના ૧૧૦ સફાઈ કામદારો તેમની વિવિધ પડતર માંગણીઓને લઈ બેઠક યોજી હતી. જેમાં નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, ચીફ ઓફીસર હરીશ અગ્રવાલ સાથે ૧૧૦ સફાઈ કામદારોની ૧૦ પડતર માંગણીઓ નગરપાલિકા તંત્ર દ્વારા ન્યાયિક અને નિયમ મુજબ ઝડપથી માંગણીઓ ઉકેલવાની જરૂરી ખાત્રી આપતા હડતાળનો સુખદ અંત આવ્યો હતો.

અખિલ વાલ્મિકી કાન્તિસંઘના પ્રમુખ અને સફાઈ કામદાર સંઘના પ્રતિનિધિ અશોકભાઈ રાઠોડના જણાવ્યા અનુસાર સફાઈ કામદારોની માંગ સંતોષવાની નગરપાલિકાતંત્ર દ્વારા ખાત્રી અપાતા મંગળવારથી તમામ સફાઈ કામદારો સફાઈ કામગીરીમાં જોડાઈ ગયા છે.

## નારાયણપુરામાં પરિણીતાને ૨ લાખમાં વેચી દેવાના કારસાનો પર્દાફાશ

વડાલી તાલુકાના નારાયણપુરા ગામે પરણાવેલ એક પરિણીતાને ઈડર તાલુકાના સવગઢ છાવણી તથા કરૂન્ડાના પાંચ જણાએ પરિણીતાને લગ્નના બે વર્ષ બાદ મોડાસા તાલુકાના નાથાવાસ ગામે વેચી દેવાતા પરિણીતાના સસરાએ સોમવારે પાંચેય જણા વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ નારાયણપુરા ગામે રહેતા અમરાભાઈ જેઠાભાઈ વણઝારાના પુત્ર ભેમાભાઈનું લગ્ન ૧૬ વર્ષ પહેલા ખેડબ્રહ્મા તાલુકાના કરૂન્ડા ગામના ચંદુબેન સાથે કરાયા હતા. જોકે લગ્ન બાદ ચંદુબેનને એક બાળકી હોવા છતાં તે કરૂન્ડા ગામે જ રહેતા હતા. જેથી ભેમાભાઈ તથા અમરાભાઈ વણઝારાએ ચંદુબેનને તેડી લાવવા અનેક પ્રયત્નો કર્યા હતા.

ઈડર તાલુકાના સવગઢ છાવણી ગામે રહેતા દાડમબેન હેમાભાઈ વણઝારા, દાઉભાઈ હીરાભાઈ વણઝારા (રહે.નાદોથ છાવણી, તા.ભિલોડા), ખેમાભાઈ ધુળાભાઈ વણઝારા (રહે.નાદોથ છાવણી, તા.ભિલોડા) તથા ખેડબ્રહ્મા તાલુકાના કરૂન્ડા ગામના માનાભાઈ દુધાભાઈ વણઝારા અને ગોબરભાઈ હેમાભાઈ વણઝારાએ ચંદુબેનને રૂા.૨ લાખમાં મોડાસા તાલુકાના નાથાવાસ ગામમાં વેચી દીધી હતી. જે અંગે અમરાભાઈ વણઝારાને ખબર પડતા તેમણે માનાભાઈ વણઝારાનો સંપર્ક કરતા મારી નાખવાની ધમકી આપી હતી.

## હચમચ્યુ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિમાની મથકને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું અને તેને બંધ કરી દેવાયું હતું. તમામ વિમાનોના ઉડ્ડયન અને ઉતરાણને રોકવાની ફરજ પડી હતી. બ્રસેલ્સ આવતી ફ્લાઈટોને ડાયવર્ટ કરાઈ હતી. પોલીસને એરપોર્ટમાં કેટલાક બોંબ પણ મળી આવ્યા છે. બ્લાસ્ટ પહેલા ફાયરિંગનો અવાજ પણ સંભળાયો હતો. બેલ્જિયમ વહીવટી તંત્રએ લોકોને એરપોર્ટ તરફ ન આવવાની અપીલ કરી હતી. એરપોર્ટ તરફ દોરી જતા તમામ માર્ગોને બંધ કરી દેવામાં આવ્યા હતા. બ્રસેલ્સમાં તમામ મેટ્રો સ્ટેશનને બંધ કરી દેવામાં આવ્યા હતા. સ્થાનિક સમય મુજબ સવારમાં બ્લાસ્ટની શરૂઆત થઈ હતી. ઈમરજન્સીની જાહેરાત પણ કરવામાં આવી હતી. નવેમ્બર ૧૩૦ લોકોની જાન લેનાર પેરિસ ત્રાસવાદી હુમલાના મુખ્ય શકમંદ સાલેહ અબ્દેસ્લામની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ બ્લાસ્ટ થયા છે. ટેલિવિઝન ફુટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે, ભારે અફડાતફડી મચી ગઈ હતી. બ્રસેલ્સમાં બ્લાસ્ટ થયા બાદ ફ્રાંસ, જર્મની અને નેધરલેન્ડ તેમજ બ્રિટનમાં પણ વિમાની મથકોએ સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

## વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

● **સ્થાનિકોને રોજગારી**

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવા અંગે કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીશ્રીએ જણાવ્યું છે કે છ માસિક માહિતી મુજબ ડિસે. ૧૫ સ્થિતિએ ગાંધીનગરમાં ૧૩,૨૬૦, કલોલમાં ૩૦,૪૯૭, માણસામાં ૩૧૩ અને દહેગામમાં ૯૪૯ મળીને કુલ ૪૫૦૧૯ સ્થાનિકોને ફેક્ટરી, કારખાના અને ઉદ્યોગોમાં રોજગારી આપવામાં આવી છે.

● **ભરતી મેળા**

ભાજપના શ્રી અશોક પટેલે રોજગારી વિનિયમ કચેરી દ્વારા યોજાયેલ ભરતી મેળા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૩૫ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ ભરતીમેળામાં કુલ ૧૦,૫૨૯ લોકોને રોજગારી આપવામાં આવી છે.

● **ઓવરલોડ ડમ્પરો**

કલોલના કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ ઓવરલોડ માલ ભરતા પકડાયેલા ડમ્પરો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તમાં વાહન-વ્યવહાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૦૮૫ ડમ્પરો ઓવરલોડ માટી, રેતી ભરી જતા પકડાયા છે. ગાંધીનગર તાલુકામાં ૩૦૮, દહેગામમાં ૩૧૯, માણસામાં ૨૫૩ અને કલોલમાં ૨૦૫ ડમ્પરો પકડવામાં આવ્યા છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લાના ૫૫ વાહનોના રજીસ્ટ્રેશન મોકુફ રાખવામાં આવેલ છે અને તેના વાહન ચાલકોના લાયસન્સ પણ સસ્પેન્ડ કરેલ છે.

તેમણે સભ્યશ્રીના વધુ એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે પકડાયેલ વાહનો પાસેથી ગાંધીનગર જિલ્લામાંથી રૂ. ૨૨,૨૦,૧૮૦નો દંડ પણ વસુલ લેવામાં આવેલ છે.

● **બોનસની ચુકવણી**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં બોનસ ચુકવણી ધારા હેઠળ મળેલ ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ દરમ્યાન કોઈ ફરિયાદ મળી નથી. પરંતુ સમયગાળા દરમ્યાન કરેલ નિરીક્ષણ અન્વયે ૬ સંસ્થાઓ સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા છે.

● **એપ્રેન્ટીસ એકમો**

ભાજપના શ્રી અશોક પટેલે જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૪૧૨ એકમો એપ્રેન્ટીસ એકમો છે જેમાં ૭૩ જેટલા વ્યવસાયો આવરીલેવામાં આવ્યા છે.

● **શ્રમ કાયદા ભંગની ફરિયાદો**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં શ્રમ કાયદાના ભંગની છેલ્લા બે વર્ષમાં મળેલ ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કુલ ૧૯૯ એકમો સામે શ્રમ કાયદા ભંગની ફરિયાદો સરકારને મળેલ છે.

તેમણે જણાવ્યુ છે કે મળેલ ફરિયાદો પૈકી કસુરવાર એકમો સામે શ્રમ કાયદાના ભંગ સબબ ફોજદારી કેસ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. તેમજ ૪૭ શ્રમિકોને રૂ, ૮,૪૫,૮૧૫ની રકમ પણ ચુકવી આપવામાં આવેલ છે.

● **દીન દયાળ આવાસ યોજના**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ દીનદયાળ આવાસ યોજના અંગે મળેલ અરજી અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં સમાજકલ્યાણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે ૨૯૬ અરજીઓ મળી હતી.

મળેલ આ અરજીઓમાંથી ૨૭૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૨૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

મંજૂર કરાયેલ અરજીઓ મુજબ લાભાર્થીઓને રૂ. ૭૮.૯૪ લાખની સહાય પણ ચુકવી આપવામાં આવી છે.

## કેમ્બે સીલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બાકીના રૂ. ૯૯.૩૩ કરોડની રકમ ચુકવવા વારંવાર નોટીસો પાઠવી રીમાઈડર્સ મોકલવામાં આવ્યા હોવા છતાં ધ્યાને ન લેતા આજે સર્વિસ ટેક્સ ડીવીઝને સર્વિસ ટેક્સના કાયદાની જોગવાઈઓ અન્વયે ગાંધીનગર સે. ૨૫ જીઆઈડીસી ખાતે સ્થિત પ્લોટ નં. ૨૨,૨૩,૨૪ અને ૨૭માં આવેલી હોટલ કેમ્બે સ્કેવરની મિલ્કત ટાંચમાં લેવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

## સી.સી. રોડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરના સે-૨૪માં સી સી રોડ બનાવવા માટે અત્યારસુધી અંદાજિત રૂ ૨.૭૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.પ્રથમ તબક્કામાં સી સી રોડની કામગીરી અધુરૂ રહેતા બાકીના કામ માટે પુનઃ દરખાસ્ત કરવામાં આવી હતી, જેના અંતે રૂ ૭૭ લાખના ખર્ચે બાકીનુ કામ પણ પુર્ણ કરવામાં આવ્યુ હતુ. જો કે હાલ સે-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં સી સી રોડનુ કામ બાકી છે. જયારે બીજીતરફ સેકટરમાં સ્થિત પાઠયપુસ્તક કોલોની તેમજ પોસ્ટ કોલોનીમાં પણ સી સી રોડ બનાવવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેના પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ થાય તેમ છે. સેકટરમાં સી સી રોડનુ કામ પ્રારંભિક તબક્કે વિવાદમાં સપડાયા બાદ સ્થાનિક નેતાઓની દરમિયાનગીરીના અંતે રસ્તાનુ કામ સરળતાથી પુર્ણ થયુ છે. ત્યારે રસ્તા નિર્માણની કામગીરીમાં દબાણનો મુદ્દો પણ વિવાદની એરણે રહેતા સ્થાનિક રહીશોમાં થોડાઘણાં અંશે અસંતોષ પ્રવર્તયો છે. સેકટરમાં દાયકાઓના અંતે માળખાગત સુવિધાઓના કામો હાથ ધરવામાં આવતા સ્થાનિક રહીશોને સુવિધા ઉપલબ્ધ થઈ છે.

## આવાસો બનશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ ઉપરાંત વિધાનસભા સંકુલના નવીનીકરણનું આયોજન પણ હાથ ધરવામાં આવનાર છે.

વિધાનસભાગૃહમાં પાટનગર યોજના માટે ૧૯૮ કરોડની કરાયેલ જોગવાઈઓનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે 'ચ' રોડ સુધી સેન્ટ્રલ વિસ્ટાને વિકસાવવાની ફેઝ-૩ની કામગીરી, ગાંધીનગર શહેરમાં જુદા જુદા સ્થળો પર ફૂટપાથ બનાવવાની કામગીરી તેમજ ૧૦૨૫ જેટલા આવાસોની સુધારણાની કામગારી હાથ ધરવામાં આવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગરમાં બી કક્ષાના ૫૦૦ આવાસો સે. ૨૯ ખાતે ૧૫ ટાવર રૂ. ૮૬ કરોડ ખર્ચે બનાવાશે. તેમજ 'સી' કક્ષાના ૩૦૦ આવાસો સે. ૭ ખાતે ૧૦ ટાવરમાં અંદાજે રૂ. ૬૩ કરોડના ખર્ચે બનાવવામાં આવશે.

આ ઉપરાંત વિવિધ સેક્ટરોમાં કેટેગરી 'બી' ટાઈપના ૩૩૬ આવાસોના ૧૨ ટાવરનું બાંધકામ રૂ. ૮૬ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે. ખ-૦ થી ખ-૭ સુધીના માર્ગને ૬ માર્ગીય કરવાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.

તેમણે વાવોલ ખાતે કુમાર નિવાસી શાળા અને હોસ્ટેલ માટે રૂ. ૩૩ કરોડની જોગવાઈ અને રાયસણ ખાતે કન્યાઓ માટે નિવાસી શાળા માટે રૂ. ૧૮ કરોડની જોગવાઈ શિક્ષણ વિભાગ દ્વારા કરાઈ હોવાનો ઉલ્લેખ પણ કર્યો હતો તેમજ ૩૭.૬૦ કરોડના ખર્ચે હાલ જીપીએસસીના અલાયદા ભવનના ચાલી રહેલા નિર્માણકાર્યનો પણ ઉલ્લેખ કર્યો હતો.

**અટક/નામ બદલેલ છે**

મારું જુનું નામ વસીબેન મોહનલાલ મકવાણા હતું તે બદલીને મારું નવું નામ વસુબેન ખુશાલભાઈ પરમાર રાખેલ છે.

લિ.
વસુબેન ખુશાલભાઈ પરમાર
ડી-૫૦૧, પ્રમુખ બ્લીસ,
'ખ' રોડ, સરગાસણ,
તા. જી. ગાંધીનગર

**અટક બદલેલ છે**

મારું જુનું નામ ખુશાલભાઈ મોહનલાલ પરમાર હતું તે બદલીને મારું નવું નામ ખુશાલભાઈ મોહનલાલ ઈન્દ્રપુરી રાખેલ છે.

લિ.
ખુશાલભાઈ મોહનલાલ ઈન્દ્રપુરી
ડી-૫૦૧, પ્રમુખ બ્લીસ,
'ખ' રોડ, સરગાસણ,
તા. જી. ગાંધીનગર

## hello ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

એકવાર સ્વીકાર થાય, સજાગતા આવે પછી એ યોગ્ય કે અયોગ્ય છે એ નક્કી કરી એનો ઉપાય થઈ શકે. મનમાં ઘુસેલો વિચાર પાપ કે અનીતિનો હોય તો એને છોડવો જ પડે, અયોગ્ય વિચાર અમલમાં ન આવે એ માટે સતર્ક રહીને પ્રયત્ન કરવાનું પોતાના હાથમાં જ છે. શ્રદ્ધાને એ વિચાર ખોટો છે એટલે ખટકતો હતો અને એટલે એનો ઉપાય પણ થઈ ગયો.

'મારા મનમાં આવેલો ખરાબ વિચાર જ હતો, ત્યાં સુધી ઠીક હતું. મેં એવું કર્યું તો નહોતું જ, શિવાંગી માટે કંઈ ખરાબ કર્યું નહોતું, એટલે હું ખરાબ નથી, મારો એના પર પ્રેમ છે, પછી હું મારી જાતને જ કેમ દોષી માનું? મારે મારી જાતને જ માફ કરી દેવી જોઈએ.' શ્રધ્ધા પોતાની જાતને સમજાવતી હતી.

મનમાં ખરાબ વિચાર તો ઘુસવાનાં, એમાં આપણો કંટ્રોલ નથી, પણ યોગ-સાધના-મેડિશન-વાંચન-સંગીત-સામાજિક કાર્યો, રમત-ભજન વગેરે જેવાં અનેક માર્ગો છે જેનાથી આ વિચારોને ડામી શકાય છે. શ્રદ્ધાને હવે અનેક દિશાઓ દેખાઈ રહી હતી.

શ્રદ્ધા મનમાં જ બોલતી હતી, 'શિવાંગી મારી કેટલી સારી ફ્રેન્ડ્ છે. હું સાચ્ચે જ ભાગ્યવાન છું કે મને આવી સરસ દેખાવડી, મેચ્યોર્ડ પબ્લિક સ્પિકીંગના ક્લાસીસ લેતી શિવાંગી જેવી ફ્રેન્ડ મળી છે. અને હા, વિચારોના વમળમાંથી મને એક વાત સારી શીખવા મળી, એ એટલે પોતાની જાત સાથે દોસ્તી અને માફી.' ચૂંટલો : ઘણીવાર આપણાં જ અંગત વિશે આપણે મનમાં ખરાબ વિચાર કરતાં હોઈએ છીએ, જેમાં આપણો વાંક પણ નથી હોતો અને આપણે આપણી જાતને દોષી માની દંડ આપતા રહીએ છીએ. પાપ સંકલ્પ છોડી, સત્ય સંકલ્પ તરફ જવાથી દૂષ્ટ વિચારો દૂર થઈ જાય છે. અઘરું છે, અશક્ય નથી.

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ